| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫ | ૧૧ | ૨૦૨૩ |
| નિકાલ તારીખ | ૨૪ | ૧૨ | ૨૦૨૫ |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | **૦૨** | **૦૦** | **૨૯** |

**<u>ફોર્મ–એ</u>**

**મહેસાણાના આઠમા એડીશ્નલ સેશન્સ જજની અદાલત સમક્ષ,**
**મું.મહેસાણા.**
**જજમેન્ટ તારીખઃ ૨૪ – ૧૨ – ૨૦૨૫**
**સેશન્સ કેસ નં.૧૫૧ / ૨૦૨૩**
આંક– ૪૩
**કડી પો.સ્ટે. ફ.ગુના રજી.નં.ફર્સ્ટ–૧૦૯ /૨૦૨૩ (પાર્ટ એ ૧૧૨૦૬૦૨૦૨૩૦૪૧૧)**
**ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ –૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબ**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | વિ.એડી.પી.પી.શ્રી સી. બી. ચૌધરી |
| આરોપીઓ | દંતાણી અજયભાઈ કિશનભાઈ રામુભાઈ<br>ઉ.વ.આ. ૨૨<br>રહે. કડી ચંદીગઢ રબારીવાસ પાસે,તા. કડી,જિ.મહેસાણા |
| આરોપીઓ તરફે | વિ.ધારાશાસ્ત્રીશ્રી આઈ.બી.સૈયદ |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૭ – ૦૫ – ૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૭ – ૦૫ – ૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૩ – ૦૯ – ૨૦૨૩ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૧૬ – ૦૪ – ૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦ – ૦૬ – ૨૦૨૪ |

| | |
|---|---|
| જજમેન્ટ માટે મુકયા તારીખ | ૧૬–૧૨–૨૦૨૫ |
| જજમેન્ટની તારીખ | ૨૪–૧૨–૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ---- |

**આરોપીની વિગત**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન ઉપર મુકત થયા તારીખ** | **ગુનાની કલમો** | **છુટી ગયા કે સજા થઈ** | **ફરમાવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દંતાણી અજયભાઈ કિશનભાઈ રામુભાઈ | ૬/૬/ ૨૦૨૩ | ૧૬/૬ /૨૩ | ભા.દં.સં. કલમ ૩૭૯(એ) (૧),૪૧૧, ૧૧૪ મુજબ | છુટી ગયા | -- | ૬/૬/૨૦૨૩ થી ૧૬/૬/૨૩ |

**<u>: જજમેન્ટ :</u>**

(૧) આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતા –૧૮૬૦ **(ભા.દં.સં.)** ની કલમ ૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

(૨) **<u>ફરિયાદની હકિકત ટુંકમાં:</u>**

ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીઓએ તા.૭–૫–૨૩ ના રોજ કલાક ૧૫–૧૫ વાગ્યા દરમ્યાન ફરિયાદી મોજે કડી–છત્રાલ રોડ ઉપર આવેલ એ.કે.જી.કંપની બહાર ચા લેવા જતા હતા તે વખતે ફરિયાદીના ડાબા હાથમાનો મોબાઈલ વિવો કંપનીનો મોડલ નં.વી–૨૩ નો ગોલ્ડન કલરનો રૂ.૩૦૦૦૦–૦૦ ના આશરાનો હતો જે ફરિયાદી પેન્ટના ખીસ્સા ગજવામાં મુકવા જતા હતા તે વખતે એક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ ઉપર આરોપી આવી ફરિયાદીનો મોબાઈલ ફોન ખેંચી લઈ ગયેલ જે મોબાઈલ ચોરીનો હોવાનુ

જાણવા છતાં મોબાઈલ ફોન ખરીદી કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ આપેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે આરોપી વિરૂધ્ધ કડી પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૧૦૯/૨૩(પાર્ટ એ ૧૧૨૦૬૦૨૦૨૩૦૪૧૧) થી ભા.દં.સં.કલમ ૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૪) ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.ઓ.એ જે તે વખતના કડી પો.સ્ટે.ના હે.કો.ને તપાસ સોંપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ છે, જરૂરી પંચનામાઓ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ફોજદારી કાર્યરિતિ સંહિતા–૧૯૭૩**(ફો.કા.સં.)**ની કલમ ૧૭૩(૨) મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ કડીના વિ.ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેને ફોજદારી કેસ નં.૨૮૬૫/૨૦૨૩થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૫) રેકર્ડ ધ્યાને લેતા સદર ચાર્જશીટ કડીના વિ.ત્રીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ આવતાં વિ.ટ્રાયલ કોર્ટે આક્ષેપીત ગુનો સેશન્સ ટ્રાયબલ ગુનો હોવાથી આરોપીને ફો.કા.સં.ની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સની નકલો પુરી પાડી છે અને ફો.કા.સં. ની કલમ ૨૦૯ મુજબ કેસ કમિટ કરી સેશન્સ કોર્ટ મહેસાણાને મોકલી આપેલ છે.

(૬) જે કેસ કમીટ થઈ આવતા સેશન્સ કેસ નં. ૧૫૧ / ૨૦૨૩ થી રજીસ્ટરે લેવાયેલ છે અને આરોપીઓ જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૭) આ કેસમાં પ્રોસીકયુશન તરફે વિ.એડી.પી.પી.શ્રી સી.બી.ચૌધરી હાજર થયેલ છે. જયારે આરોપીને સમન્સ બજતા કાનુની બચાવ કરવા સારૂ તેઓએ લીગલ

એઈડ તરીકે વિ.વ.શ્રી આઈ.બી.સૈયદને રોકેલ અને તેઓએ આરોપીનો બચાવ કરેલ છે.

(૮) આ કામે મારા પુરોગામી વિદ્વાન સત્ર ન્યાયાધીશશ્રીએ આંક–૦૬ થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવી આંક–૦૭ થી આરોપી નુ નિવેદન નોંધતા આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૯) પ્રોસીકયુશન તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આ વેલા છે.

**<u>ફોર્મ–સી</u>**

**: મૌખિક પુરાવાઓ :**

(એ) **<u>પ્રોસીકયુશનના સાહેદોનું લીસ્ટ</u> :**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૮ | બળદેવસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજા | ફરિયાદી |
| ૨ | ૧૦ | મહંમદભાઈ જહાગીરભાઈ મલેક | પંચસાહેદ |
| ૩ | ૧૩ | મનીષભાઈ કાળીદાસ રામાવાત | સાહેદ |
| ૪ | ૧૪ | ઠાકોર સંજયજી પ્રહલાદજી | પંચસાહેદ |
| ૫ | ૧૭ | અનિરૂધ્ધ રમણલાલ કાપડીયા | પોલીસ સાહેદ |
| ૬ | ૧૮ | જશવંતભાઈ રાણાભાઈ | પોલીસ સાહેદ |
| ૭ | ૧૯ | ઠાકોર શૈલેષજી સેંધાજી | પંચ સાહેદ |
| ૮ | ૨૧ | મકબુલખાન બિસ્મીલ્લાખાન પઠાણ | પી.એસ.ઓ. |
| ૯ | ૨૪ | કિરીટકુમાર ચતુરજી બ્રહ્મભટ્ટ | પોલીસ સાહેદ |
| ૧૦ | ૩૮ | સુહાસકુમાર મગનલાલ આગજા | તપાસ કરનાર અમલદાર |

(બી) **બચાવ પક્ષના સાહેદો :** બચાવ પક્ષે કોઇ સાહેદો તપાસવામાં આવેલ નથી.

(સી) **કોર્ટ તરફે સાહેદો :** કોર્ટ તરફે કોઇ સાહેદો તપાસવામાં આવેલ નથી.

**: દસ્તાવેજી પુરાવાઓ :**

(એ) **<u>પ્રોસીકયુશનના દસ્તાવેજોનું લીસ્ટ</u> :**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં દસ્તાવેજને આંક પડેલ છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૯ | સાહેદ નં.૧ | ફરિયાદ |
| ૨ | ૧૧ | સાહેદ નં.૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૨ | સાહેદ નં.૨ | મુદ્દામાલ મોબાઇલ રીકવરીનુ પંચનામુ |
| ૪ | ૧૫ | સાહેદ નં.૪ | આરોપીની શરીર સ્થિતીનુ પંચનામુ |
| ૫ | ૨૨ | સાહેદ નં.૮ | સ્ટેશન ડાયરી |
| ૬ | ૨૩ | સાહેદ નં.૮ | ડેપ્યુટ હુકમ |
| ૭ | ૨૫ | સાહેદ નં.૯ | સી.આર.પી.સી.કલમ–૪૧(૧)(ડી) મુજબનો રીપોર્ટ |
| ૮ | ૩૯ | સાહેદ નં.૧૦ | કલમ ઉમેરો કરવા સારૂ રીપોર્ટ |
| ૯ | ૪૦ | સાહેદ નં.૧૦ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |

(બી) **બચાવ પક્ષે લીસ્ટ:** બચાવ પક્ષે કોઇ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.
(સી) **કોર્ટ તરફે :** કોર્ટ તરફે કોઇ દસ્તાવેજો નથી.
(ડી) **કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ :**

- **મટીરીયલ ઓબ્જેકટ :**

| ક્રમ | મટીરીયલ ઓબ્જેકટ | વર્ણન |
|---|---|---|
| ૧ | મોબાઈલ | વિવો કંપનીનો મોડલ નં.વી–૨૩ નો ગોલ્ડન કલરનો છે તે |

(૧૦) ત્યારબાદ પ્રોસીકયુશનનો પુરાવો પુરો થઈ જતાં વિ.એડી.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરશીસ આંક–૪૧ થી આપેલ છે. જેથી પ્રોસીકયુશનનો પુરાવો પુરો થતાં ફો.કા.સં. ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ

છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષની મોટાભાગની હકકીતોનો ઈન્કાર કરી તેઓ વિરૂધ્ધનો પુરાવો ખોટો હોવાનુ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાક્ષી તપાસવા માંગતા નહી હોવાનુ જણાવી વિશેષ નિવેદનમાં આરોપીએ જણાવેલ છે કે, " તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે,તેઓ ઉપર ખોટો કેસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે."

ત્યારબાદ સદર કામ દલીલો માટે રાખવામાં આવતા પ્રોસીકયુશન તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી સી.બી.ચૌધરીનાઓની દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી આઈ. બી. સૈયદનાઓની દલીલો સાંભળી.

**(૧૧) પ્રોસીકયુશનની દલીલો:**

પ્રોસીકયુશન તરફે વિ.એડી.પી.પી.શ્રી બી.જી.પટેલનાઓએ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે, આરોપી ઉપર આંક-૬થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષે ફરિયાદી,સાહેદ, પંચસાહેદો તથા પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવા આધારે હાલના આરોપીએ તા.૭-૫-૨૩ ના રોજ કલાક ૧૫-૧૫ વાગ્યા દરમ્યાન ફરિયાદી મોજે કડી-છત્રાલ રોડ ઉપર આવેલ એ.કે.જી.કંપની બહાર ચા લેવા જતા હતા તે વખતે ફરિયાદીના ડાબા હાથમાનો મોબાઈલ વિવો કંપનીનો મોડલ નં.વી-૨૩ નો ગોલ્ડન કલરનો રૂ.૩૦૦૦૦-૦૦ ના આશરાનો હતો જે ફરિયાદી પેન્ટના ખીસ્સા ગજવામાં મુકવા જતા હતા તે વખતે એક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ ઉપર આરોપી આવી ફરિયાદીનો મોબાઈલ ફોન ખેંચી લઈ ગયેલ જે મોબાઈલ ચોરીનો હોવાનુ જાણવા છતાં મોબાઈલ ફોન ખરીદી કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનુ શંકા રહીત પુરવાર થતુ હોય આરોપીને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

**(૧૨) બચાવપક્ષની દલીલ:**

બચાવપક્ષના વિ.વ.શ્રી આઈ.બી.સૈયદનાઓએ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે, આરોપી ઉપર ભા.દં.સં.ની કલમ-૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબનો ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે સૌપ્રથમ

આંક–૦૮ થી તપાસવામા આવેલ ફરિયાદીએ તેઓના પુરાવામાં આરોપીને ઓળખતા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં મનીષ રામાવતનો પુરાવો જોતા તેઓએ બનાવ નજરોનજર જોયેલ નથી અને પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને આ કામે મુદ્દામાલ રીકવરી કે ડીસ્કવરી પુરવાર થતી નથી. આ સિવાયના સાહેદોમાં પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે અને પોલીસ સાહેદોના પુરાવા ધ્યાને લેતા જયારે કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષનો કેસ સાબીત થતો ન હોય માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. વધુમાં તપાસ કરનાર અમલદારે ફરિયાદી રૂબરૂ આરોપીની ઓળખ પરેડ પણ કરાવવામાં આવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

**(૧૩)** ઉભયપક્ષોની દલીલો અને રેકર્ડ ઉપરના પુરાવા પરત્વે ગંભીરતાપુર્વક વિચારણા કરતાં હાથ ઉપરના કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુદ્દાઓ :**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ તા.૭–૫–૨૩ ના રોજ કલાક ૧૫–૧૫ વાગ્યા દરમ્યાન ફરિયાદી મોજે કડી–છત્રાલ રોડ ઉપર આવેલ એ.કે.જી.કંપની બહાર ચા લેવા જતા હતા તે વખતે ફરિયાદીના ડાબા હાથમાનો મોબાઈલ વિવો કંપનીનો મોડલ નં.વી–૨૩ નો ગોલ્ડન કલરનો રૂ.૩૦૦૦૦–૦૦ ના આશરાનો હતો જે ફરિયાદી પેન્ટના ખીસ્સા ગજવામાં મુકવા જતા હતા તે વખતે એક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ ઉપર આરોપી આવી ફરિયાદીનો મોબાઈલ ફોન ખેંચી લઈ ગયેલ જે મોબાઈલ ચોરીનો હોવાનુ જાણવા છતાં મોબાઈલ ફોન ખરીદી કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભા.દં.સં.ની કલમ ૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો આચરેલ છે.?

(૨) શું હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબના છે.

**-: નિ ર્ણ યો :-**

**(૧) ન કા ર માં**

**(૨) આખરી હુકમ મુજબ**

(૧૫)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧.**

(૧૬)... ફોજદારી વિધીશાસ્ત્રના સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશને આરોપી સામેનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનો રહે અને આરોપી સામે આક્ષેપાયેલ તહોમત પુરવાર ન થાય ત્યાંસુધી તેને નિર્દોષ ગણવો જોઈએ. આરોપીને નિર્દોષતા સાબિત કરવાની જરૂર નથી અને ફરિયાદપક્ષે આરોપી સામે કેસ સાબિત કરવા બચાવપક્ષની નબળાઈને ધ્યાનમાં લેવાની નથી. સદર સિધ્ધાંત ધ્યાન સમક્ષ રાખી પ્રોસીકયુશન તરફે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે.

(૧૭)... **મુદ્દા નં.૧ અને ૨ સાથે.**

(૧૮)... આ કામે બંને મુદ્દાઓ સંબંધેનો પુરાવો પારસ્પરિક સંકળાયેલ હોવાથી સરળતા અને સુગમતા ખાતર અને પુનરાવર્તન દોષ નિવારવા સારૂ બંને મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષે રજુ કરેલા સાહેદોનો મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો...

(૧૯) **ફરિયાદીનો પુરાવોઃ**

(૧૯.૧) **સાહેદ નં.૧ ફરીયાદી બળદેવસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજા**ને **આંક-૦૮**થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૭-૫-૨૩ ના રોજ તેઓ તથા મનીષ રામાવત બંન્ને જણા તેઓની કંપનીના કામ સારૂ કડી-છત્રાલ રોડ ઉપર આવેલ અને ત્યાં તેઓનુ કામ ચાલુ હતુ તે દરમ્યાન બપોરના સવા ત્રણ વાગ્યાની આસપાસ તેઓ ચા લેવા સારૂ કંપનીની બહાર નીકળેલ તે વખતે તેમના હાથમાં મોબાઈલ હતો જે મોબાઈલ તેમના પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાં મુકવા જતા હતા ત્યારે બે ઈસમો મો.સા.

ઉપર આવેલ જે તેઓનો મોબાઈલ ખેચી જતા રહેલ, મો.સા. નંબર વગરનુ હતુ, તેઓનો મોબાઈલ વીવો કંપનીનો મોડલ વી–૨૩ નો હતો, બનાવ બાબતે તેઓએ ફરિયાદ આપેલ જે ફરિયાદ આંક–૦૯ થી રજુ છે, ફરિયાદ આપ્યાના બીજા દિવસે ગુનાવાળી જગ્યા પંચો રૂબરૂ પોલીસને તેઓએ બતાવેલ. આરોપીઓના મોઢા બાંધેલ હોવાથી તેઓ આરોપીઓને ઓળખી શકે નહી. પરંતુ આરોપી તરફેની ઉલટતપાસ જોતા સ્પષ્ટપણે ફલીત થાય છે કે, આરોપીઓએ મોઢા ઉપર કપડુ બાંધેલ હતુ તેવુ ફરિયાદમાં લખાવેલ નથી તેમજ ચોરી કરનાર ઈસમોના કપડાનુ કે તેમની શરીર સ્થિતીનુ વર્ણન તેઓની ફરિયાદમાં લખાવેલ નથી.

(૨૦) <u>**સાહેદનો પુરાવોઃ**</u>

(૨૦.૧) **સાહેદ નં.૩ મનીષભાઈ કાળીદાસ રામાવત**ને **આંક–૧૩** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૬–૫–૨૩ ના રોજ તેઓ અને બળદેવસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજા સ્કેપ હોલ્ડીંગનો માલસામાન ભરીને એ.કે.જી.કંપનીમાં આવેલા અને સવારના આશરે છ વાગ્યાના સુમારે એ.કે.જી.કંપનીમાં પહોચેલા અને બપોરના આશરે ત્રણેક વાગ્યાના સુમારે તેમની ગાડી ખાલી થતી હતી તે દરમ્યાન તેઓ કંપનીમાં હાજર હતા અને બળદેવસિંહ બહાર ચા લેવા ગયેલા, તેઓ ચા લઈને પરત કંપનીમાં આવેલ ત્યારે જાણવા મળેલ કે, તેઓ ચા લેવા જતા હતા તે વખતે તેમણે જણાવેલ કે, તેઓ ચા લેવા જતા હતા તે વખતે તેમના હાથમાં મોબાઈલ હતો જે મોબાઈલ તેમના પેન્ટના ગજવામાં મુકવા જતો હતો તે વખતે તેઓની નજીકમાંથ એક નંબર પ્લેટ વગરનુ મો.સા. આવેલ અને સદર મો.સા. ઉપર બે ઈસમો બેહેલ હતા જેમાં પાછળ બેઠેલ ઈસમે તેઓનો મોબાઈલ ફોન ખેચી લઈ ગયેલ, મોબાઈલ ફોન રૂ.૩૦૦૦૦–૦૦ નો હોવાનુ બળદેવસિંહે જણાવેલ. પરંતુ આરોપી તરફેની ઉલટતપાસમા સાહેદ કબુલ રાખે છે કે, બનાવ નજરોનજર જોયેલ નથી અને આરોપીઓને જોયેલ નથી.

(૨૧) <u>**પંચસાહેદોનો પુરાવોઃ**</u>

(૨૧.૧) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૨** ગુનાવાળી જગ્યાના તથા મુદ્દામાલ મોબાઈલ રીકવરીના પંચનામાના પંચસાહેદ **મહંમદભાઈ જહાગીરભાઈ મલેકને આંક–૧૦** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમના પુરાવામાં આંક–

૧૧ તથા આંક–૧૨ થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રી એ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પ્રોસીકયુશનને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકયા નથી.

(૨૧.૨) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૪** આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચસાહેદ **ઠાકોર સંજયજી પ્રહલાદજીને આંક–૧૪** થી તથા અન્ય **સાહેદ નં.૭ ઠાકોર શૈલેષજી સેંધાજીને આંક–૧૯** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૬–૫–૨૩ ના રોજ ભોયરાવાસ આગળથી પસાર થતો હતો ત્યારે પોલીસે એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનુ જણાવતા સહી કરેલ, આ લખાણમાં શુ લખેલ હતુ તેની ખબર નથી. આંક–૧૫ થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રી એ સદર સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પ્રોસીકયુશનને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકયા નથી.

(૨૨) <u>**પોલીસ સાહેદોનો પુરાવોઃ**</u>

(૨૨.૧) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૫ અનિરૂધ્ધ રમણલાલ કાપડીયાને આંક–૧૭** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૫–૬–૨૩ ના રોજ તેઓ પેરોલ ફર્લો સ્કવોર્ડમાં હાજર હતા અને મોબાઈલ ચોરીના ડીટેકશનની કામગીરી સંભાળતા હતા તે દરમ્યાન એક ચોરી થયેલ મોબાઈલ કડી ટાઉનમાં ચાલુ થયાનુ ડીટેકટ થતા પોલીસ સ્ટાફના માણસો સાથે ખાનગી વાહનમાં કડી ખાતે ગયેલ અને તે જગ્યાએ જઈ પુછપરછ કરેલ કે અજય કિશન દંતાણી કયાં છે તેનુ ઘર શોધી તેના ઘરે જતા ત્યાં પોલીસ તરીકે ઓળખ આપી તેની પાસેના મોબાઈલ સબંધે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી તેમજ મોબાઈલનુ બીલ હતુ નહી જેથી છળકપટ કે ચોરી કરી સદર મોબાઈલ મેળવેલ હોવાની શંકા જતા મહેસાણા કચેરી ખાતે લાવી સદર ઈસમને વિશ્વાસમાં લઈ પુછપરછ કરાવતા સદર

આરોપીએ જણાવેલ કે, આ મોબાઈલ ૧૫ દિવસ અગાઉ એક અજાણ્યા ઈસમ પાસેથી રૂ.૬૦૦૦–૦૦ માં ખરીદ કરેલ છે જેથી પંના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી સદર મોબાઈલ વિવો કંપનીનો વી–૨૩ મોડલનો જેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર લખી તેમજ સીમકાર્ડ નંબર લખી મોબાઈલ કિંમત રૂ.૩૦૦૦૦–૦૦ ગણી સી.આર.પી.સી.કલમ–૧૦૨ મુજબ તપાસ સારૂ કબજે કરેલ અને તે મતલબનુ વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલ.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તા.૫–૬–૨૩ ના રોજ તેઓ પેરોલ ફર્લો ઓફિસ ખાતે નોકરી કરતા હોવા બાબતે જે તે કચેરીમાં હાજરી પત્રક રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, તેની કોઈ નકલ ત.ક.અ.ને આપેલ નથી. ટેકનીકલ સર્વેચરથી આ મોબાઈલ એકટીવ થયાની માહીતી તેઓને મળેલી. એ વાત ખરી છે કે, આ અંગેનો લેખિત પુરાવો તેઓ પાસે નથી. તેઓને ટેકનીકલ સર્વેચર મારફતે જે માહીતી મળેલ તેની તેઓએ પો.સ્ટે. કોઈ નોંધ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, મોબાઈલની કંપનીએ જે કોલ રેકર્ડ મોકલેલ તે તેઓની કચેરીએ છે. એ વાત ખરી છેકે, તેઓને રોજની પર્સનલ ડાયરી લખવાની હોય છે, તેઓએ તે દિવસે આ અંગેની કોઈ માહીતી મળેલ હોય અને આરોપીને મોબાઈલ સાથે મેળવી તેઓની કચેરીએ લાવેલ હોય તેની કોઈ નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી કડી ખાતે જઈ મોબાઈલ કબજે કરેલ તેને જગ્યા ઉપર સીલ કરેલ નહી કે તે જગ્યા ઉપર કોઈ પંચનામુ કરેલ નહી.

**(૨૨.૨)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૬ જશવંતભાઈ રાણાભાઈને આંક–૧૮** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૫–૬–૨૩ ના રોજ તેઓ પેરોલ ફર્લો સ્કવોર્ડમાં હાજર હતા અને મોબાઈલ ચોરીના ડીટેકશનની કામગીરી સંભાળતા હતા તે દરમ્યાન એક ચોરી થયેલ મોબાઈલ કડી ટાઉનમાં ચાલુ થયાનુ ડીટેકટ થતા પોલીસ સ્ટાફના માણસો સાથે ખાનગી વાહનમાં કડી ખાતે ગયેલ અને તે જગ્યાએ જઈ પુછપરછ કરેલ કે અજય કિશન દંતાણી કયાં છે તેનુ ઘર શોધી તેના ઘરે જતા ત્યાં પોલીસ તરીકે ઓળખ આપી તેની પાસેના મોબાઈલ સબંધે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી તેમજ મોબાઈલનુ બીલ હતુ નહી જેથી છળકપટ કે ચોરી કરી સદર મોબાઈલ મેળવેલ હોવાની શંકા જતા મહેસાણા

કચેરી ખાતે લાવી સદર ઈસમને વિશ્વાસમાં લઈ પુછપરછ કરાવતા સદર આરોપીએ જણાવેલ કે, આ મોબાઈલ ૧૫ દિવસ અગાઉ એક અજાણ્યા ઈસમ પાસેથી રૂ.૬૦૦૦-૦૦ માં ખરીદ કરેલ છે જેથી પંના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી સદર મોબાઈલ વિવો કંપનીનો વી-૨૩ મોડલનો જેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર લખી તેમજ સીમકાર્ડ નંબર લખી મોબાઈલ કિંમત રૂ.૩૦૦૦૦-૦૦ ગણી સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ તપાસ સારૂ કબજે કરેલ અને તે મતલબનુ વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલ.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તા.૫-૬-૨૩ ના રોજ તેઓ પેરોલ ફર્લો ઓફિસ ખાતે નોકરી કરતા હોવા બાબતે જે તે કચેરીમાં હાજરી પત્રક રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, તેની કોઈ નકલ ત.ક.અ.ને આપેલ નથી. ટેકનીકલ સર્વેયરથી આ મોબાઈલ એકટીવ થયાની માહીતી તેઓને મળેલી. એ વાત ખરી છે કે, આ અંગેનો લેખિત પુરાવો તેઓ પાસે નથી. તેઓને ટેકનીકલ સર્વેયર મારફતે જે માહીતી મળેલ તેની તેઓએ પો.સ્ટે. કોઈ નોંધ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, મોબાઈલની કંપનીએ જે કોલ રેકર્ડ મોકલેલ તે તેઓની કચેરીએ છે. એ વાત ખરી છેકે, તેઓને રોજની પર્સનલ ડાયરી લખવાની હોય છે, તેઓએ તે દિવસે આ અંગેની કોઈ માહીતી મળેલ હોય અને આરોપીને મોબાઈલ સાથે મેળવી તેઓની કચેરીએ લાવેલ હોય તેની કોઈ નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી કડી ખાતે જઈ મોબાઈલ કબજે કરેલ તેને જગ્યા ઉપર સીલ કરેલ નહી કે તે જગ્યા ઉપર કોઈ પંચનામુ કરેલ નહી.

(૨૨.૩) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૮ મકબુલખાન બિસ્મીલ્લાહખાન પઠાણને આંક-૨૧** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭-૫-૨૩ ના રોજ તેઓ કડી પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ફરિયાદીએ તેઓના મોબાઈલ ચોરી અંગેની ફરિયાદ તેઓ સમક્ષ જાહેર કરતા તેમના જણાવ્યા મુજબ ફરિયાદ લખી લઈ ફરિયાદીને વંચાવતા તેમના લખાવ્યા મુજબ બરાબર હોઈ તેઓએ તેમની રૂબરૂ સહી કરેલ, ફરિયાદ લીધા બાદ પી.એસ.ઓ. તરીકે તેઓએ જાતે જ સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરેલ અને સદર ગુનો રજી કરી

ગુનાની આગળની તપાસ સુહાગકુમાર મગનલાલને સોપેલ. સાહેદ આંક–૨૨ થી ઓનલાઈન સ્ટેશન ડાયરી તેમજ આંક–૨૩ થી ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેઓએ ફરિયાદ લઈ ગુનો રજીસ્ટર કર્યા સિાય તપાસને લગતી અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૨.૪) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૯ કીરીટકુમાર ચતુરજી બ્રહ્મભટ્ટને આંક–૨૪** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૫–૬–૨૩ ના રોજ તેઓ પેરોલ ફર્લો સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓ તથા સ્ટાફના માણસો કડી પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી રાહે નાસતા ફરતા આરોપીઓ સબંધે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કડી ઘુમ્મટીયા નજીક આવતા અનિરૂધ્ધસિહને ટેકનીકલ સર્વેલન્સથી તથા હયુમન સોર્સથી જાણવા મળેલ કે, અજય કિશનભાઈ દંતાણી ચોરીનો મોબાઈલ વાપરે છે તે હાલમાં તેના ઘરે છે જે માહીતી મળતા તેના વિસ્તારમાં જઈ તેનુ ઘર શોધી તેનુ નામઠામ પુછી મોબાઈલ અંગે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી ચોરી કરી મેળવેલ હોવાની શેકા જતા આરોપીને હસ્તગત કરી મહેસાણા કચેરીએ લાવી વધુ પુછપરછ કરતા જણાવેલ કે, પંદર દિવસ અગાઉ વિવાહ પાર્ટી પ્લોટના ગેટ આગળ ઉભેલ હતો તે દરમ્યાન એક અજાણ્યો ઈસમ તેઓ પાસે આવી રૂ.૬૦૦૦–૦૦ માં સદર મોબાઈલ તેઓને વેચાણ આપેલ, સદર મોબાઈલની આઈ.એમ.ઈ.આઈ.નંબર, સીમકાર્ડ નંબર વિગેરે લખી રૂ.૩૦૦૦૦–૦૦ ગણી સી.આર.પી.સી.ની કલમ–૧૦૨ મુજબ પંચનામુ કરી તપાસ સારૂ કબજે લીઘેલ અને આરોપીને અટક કરી સ્ટેડામાં નોંધ કરી મહેસાણા એ ડીવી.પો.સ્ટે. આરોપીને રજુ કરેલ અને ત્યાંથી કડી પો.સ્ટે. ખાતે ગુનો નોંઘાયેલ હોઈ કબજો મેળવી લીઘેલ. સાહેદે વઘુમાં સી.આર.પી.ની કલમ–૪૧(૧)(ડી) મુજબનો રીપોર્ટ આંક–૨૫ થી રજુ કરેલ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના ત.ક.અ તેઓની કોઈ પુછપરછ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, સી.આર.પી.સી.કલમ–૪૧(૧)(ડી) મુજબ ધરપકડ કરેલ હોઈ અલગથી પુછપરછ કરવાની હોતી નથી. એ વાત ખરી છે કે, બાતમી અનિરૂધ્ધને મળેલી, તેઓને મળેલ નહી. સાહેદ જણાવે છે કે, તેઓ

અનિરૂધ્ધની સાથે પેટ્રોલીંગમાં હતા. એ વાત ખરી છે કે, લેખિતમાં બાતમી હકીકત આપેલ નહી. એ વાત ખરી છે કે, અનિરૂધ્ધભાઈએ આપેલ માહીતીની તેઓએ કોઈ જગ્યાએ નોંધ કરેલ નહી. એ વાત ખરી છે કે, આરોપીને જે જગ્યાએથી પકડેલ તેજગ્યાએ તેનુ પંચનામુ કરેલ ન હતુ.

**(૨૨.૫)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં. ૧૦ સુહાસકુમાર મગનલાલ આગજાને આંક–૩૮** થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭–૫–૨૩ ના રોજ તેઓ કડી પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ પર હાજર હતા તે વખતે પી.એસ.ઓ. મકબુલખાન બિસ્મીલ્લાહખાનના ડેપ્યુટ હુકમથી સદર ગુનાની તપાસ મળતા તેઓએ સાહેદોના નિવેદનો લીધેલ અને આરોપીને પેરોલ ફર્લો સ્કવોર્ડના એ.એસ.આઈ. કીરીટકુમાર ચતુરજીનાઓએ સી.આર.પી. સી.કલમ ૪૧(૧)(ડી),૧૧૦૨ મુજબ અટક કરી પો.સ્ટે. રીપોર્ટ કરતા સદર સાહેદોના નિવેદન તથા આરોપીની પુછપરછ કરતા એફ.આઈ.આર.માં ઈ.પી.કો.કલમ–૪૧૧ મુજબનો ઉમેરો કરવા નામ.કોર્ટને યાદી કરેલ જે યાદી આંક–૩૯ થી રજુ છે તેમજ સ્ટેશન ડાયરીમાં આરોપીની અટક કર્યા અંગેની નોંધ આંક–૪૦ થી રજુ છે અને આરોપી સામે પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામની ફરિયાદ તેઓને મળ્યા બાદ તેઓએ ફરિયાદીનુ કોઈ નિવેદન લીધેલ નથી તેમજ આરોપી પાસેથી મોબાઈલ કબજે કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પેરોલ ફર્લો સ્કવોડના કિરીટભાઈ ચતુરજીનાઓએ સી.આર.પી.સી.કલમ–૪૧(૧)ડી મુજબ કબજે કરેલ પછી પો.સ્ટે.માં તેઓને રીપોર્ટ સાથે સોપેલ. એ વાત ખરી છે કે, કીરીટકુમારે આ મોબાઈલ કયાંથી અને કેવી રીતે કબજે કરેલ તેની જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, આ મોબાઈલની ફરિયાદીને બતાવીને ઓળખ કરાવેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એફ.આઈ.આર.માં જણાવેલ મોબાઈલનો આઈએમઈઆઈ નંબર તથા કબજે કરેલ મોબાઈલનો આઈએમઈઆર નંબર ચેક કરતા સરખા નંબર હોય જે મુજબ કબજે કરેલ. એ વાત ખરી છે કે, આરોપીની તેઓએ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૨૩) **<u>પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

ફોજદારી વિધિશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશને આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે. જે ધ્યાન સમક્ષ રાખી પ્રોસીકયુશન તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાનુ અવલોકન અને મુલ્યાંકન કરતા ફરિયાદી બળદેવસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજા તેઓના આંક–૦૮ ના પુરાવામાં તેઓ તથા મનીષ રામાવત કંપનીમાં કામ સારૂ કડી–છત્રાલ રોડ ઉપર આવેલા અને તેઓ ચા લેવા સારૂ કંપનીની બહાર નીકળેલ તે સમયે તેમના હાથમાં રહેલ વિવો વી–૨૩ મોબાઈલ પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાં મુકવા જતા બે ઈસમ મોટર સાયકલ ઉપર આવેલ જે તેઓનો મોબાઈલ ખેચી જતા રહેલ. આમ, ફરિયાદીના પુરાવાથી તેઓનો મોબાઈલ ઝુટવી ગયેલ હોવાનુ જણાય આવે છે પરંતુ તેઓએ તેમની ઉલટતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીઓએ મોઢા ઉપર કપડુ બાંધેલ હતુ તેવુ ફરિયાદમાં લખાવેલ નથી તેમજ ચોરી કરનાર ઈસમોના કપડાનુ કે તેમની શરીર સ્થિતીનુ વર્ણન તેઓની ફરિયાદમાં લખાવેલ નથી. આમ, હાલના આરોપી જ ફરિયાદીના મોબાઈલ ખેચીને લઈ ગયેલ હોય તેવુ લેશમાત્ર ફલીત થતુ નથી. વધુમાં ફરિયાદી રૂબરૂ આરોપીની ઓળખપરેડ પણ કરાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં હાલના આરોપીએ તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોય તેવુ ફલીત થતુ નથી.

વધુમાં ગુનાવાળી જગ્યાના તથા મુદ્દામાલ મોબાઈલ રીકવરીના પંચનામાના પંચસાહેદ તથા આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે રજુ થયેલ પંચનામાઓ પુરવાર થયેલ નથી.

વધુમાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ મનીષભાઈ કાળીદાસ રામાવતનો પુરાવો જોતા તેઓને બનાવની જાણ ફરિયાદીએ કરેલ છે. આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી. જયારે ફરિયાદીના પુરાવાથી જ આરોપીની સંડોવણી હોવાનો લેશમાત્ર પુરાવો આવેલ ન હોય ત્યારે આ સાહેદના પુરાવાની ચર્ચા કરવી અસ્થાને છે.

વધુમાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ અનીરૂધ્ધ રમણલાલ કાપડીયાનો આંક–૧૭ નો તથા સાહેદ જશવંતભાઈ રાણાભાઈનો

આંક-૧૮ નો તથા સાહેદ કીરીટકુમાર ચતુરજી બ્રહ્મભટ્ટનો આંક-૨૪ નો પુરાવો ધ્યાને લેકા તેઓ તા.૫-૬-૨૩ ના રોજ પેરોલ ફર્લો સ્કવોર્ડની કચેરી ખાતે હાજર હતા અને મોબાઈલ ચોરીના ડીટેકશનની કામગીરી પોલીસ સ્ટાફના માણસો સાથે સંભાળતા હતા તે દરમ્યાન હાલના આરોપી પાસેથી એક મોબાઈલ કબજે કરવામાં આવેલ જે મોબાઈલ બાબતે પુછપરછ કરતા કોઈ જવાબ આપેલ નહી અને મોબાઈલનુ બીલ પણ તેની પાસે હતુ નહી જેથી સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ તપાસ સારૂ મોબાઈલ પંચનામાની રૂઈએ પંચોની હાજરીમાં કબજે કરેલ પરંતુ સદર આંક-૧૫ ના પંચનામાના પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી તેવા સંજોગોમાં હાલના આરોપી પાસેથી મુદ્દામાલ મોબાઈલ કબજે થયેલ હોય અને આરોપીની સંડોવણી હોય તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં ફરિયાદપક્ષે પોલીસ સાહેદ મકબુલખાન બિસ્મીલ્લાહખાન પઠાણનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેઓની કામગીરીના ભાગરૂપે સદર ગુનાની ફરિયાદ રજીસ્ટર્ડ કરેલ છે અને એટલા માત્રથી હાલના ગુનાના કામે હાલના આરોપીની સંડોવણી હોવાનુ સાબીત થતુ નથી.

વધુમાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદાર સુહાસકુમાર મગનલાલ આગજાનો આંક-૩૮ નો પુરાવો જોતા તેઓએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવે છે પરંતુ સદર સાહેદે આરોપી પાસેથી મોબાઈલ કબજે કરેલ હોય તેવુ જણાય આવતુ નથી તેમજ આરોપીની ફરિયાદી રૂબરૂ કોઈ ઓળખ પરેડ પણ કરાવેલ નથી તેવા સંજોગોમાં સદર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને સદર ગુનામાં સાંકળવા ઉચિત જણાતુ નથી.

(૨૪).. આમ, ફરીયાદપક્ષ રજુ થયેલ સમગ્ર પુરાવો એકીસાથે ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષ એ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરી શકેલ નથી કે, મુદ્દામાલ આરોપીએ જ સહઆરોપીની મદદગારીમાં ખેચી લઈ ગયેલ છે. હાલના કામે ફરિયાદીએ પોતાના પુરાવા દરમ્યાન આરોપીને ઓળખી બતાવે નથી તેમજ તપાસ કરનાર અમલદારે પણ આરોપીની ફરિયાદી રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવેલ નથી તેવા સંજોગોમાં આરોપી સદર ગુનામાં સંડોવાયેલ છે તેવુ ફલીત થતુ નથી. આમ આરોપી વિરૂધ્ધ શંકા પ્રેરીત પુરાવો જણાય છે. હાલના કામે

આરોપીને તેમની સામેના ગુના સાથે સાંકળતો વિરૂધ્ધ સ્પષ્ટ, ચોકકસ અને વિશ્વસનીય લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

(૨૫).. આ તબકકે નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓ દ્વારા પ્રસ્થાપિત થયેલ પાયાના સિધ્ધાંતોને ધ્યાને લીધેલ છે. નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવી આપ્યા મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકારહિત સાબિત કરવાની જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. આરોપીએ ગુનો કર્યો છે અને ગુનો કર્યો હશે તે બંને વચ્ચે ઘણુંજ લાંબું અંતર છે. ક્ષતિયુકત પુરાવો એ ક્ષતિમુકત પુરાવાનું સ્થાન લઈ શકતો નથી. ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.**નામ.સુપ્રિમ કોર્ટે ૨૦૦૪– *જી.એલ.એચ.એલ.ઈ.– સુપ્રિમકોર્ટ –૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટર*** ના ચુકાદામાં નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહી અને "may be true" અને "must be true" વચ્ચેનો તફાવત છે. હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના આરોપી સામેનું તહોમતનામું સ્પષ્ટ, ચોક્કસ, શંકારહિત, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી પુરવાર થતું ન હોઈ આરોપીઓને છોડી મુકવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો ન હોઈ **મુદ્દા નં.૧** નો નિર્ણય નકારમાં આપી **મુદ્દા નં.૨** પરત્વે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નીચે મુજબનો છેવટનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં ફરમાવામાં આવે છે.

## : આખરી હુકમ :

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે, આ કામના આરોપી દંતાણી અજયભાઈ કિશનભાઈ રામુભાઈનાઓને, **કડી પો.સ્ટે. ફ.ગુના રજી.નં .ફર્સ્ટ–૧૦૯ /૨૦૨૩ (પાર્ટ એ ૧૧૨૦૬૦૨૦૨૩૦૪૧૧)ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ –૩૭૯(એ)(૧),૪૧૧,૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમ રાખવામાં આવે છે. અન્યથા અપીલ સમય વિતે વિ.ટ્રાયલ કોર્ટે માલીકીપણાની ખરાઈ કરી તેના ખરા માલીકને પરત કરવા ધોરણસરની કાર્યવાહી કરવી.

**૩.** આ કામના આરોપીઓ ચાલુ કામે જામીન મુક્ત થયેલા હોઇ, તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ હુકમ સામે જો અપીલ/અરજી થાય તો તેવા સંજોગોમાં જે તે કોર્ટ સમક્ષ હાજર રહેવાની ખાત્રી માટે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ અન્વયેના સમયગાળા માટે પ્રત્યેક આરોપીએ રૂ.૨૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર જામીન આપવાના રહેશે.

**૫.** ક્રિમીનલ મેન્યુઅલ પેરા.૩૪૯ મુજબ આંકે પડયા સિવાયના પોલીસ કાગળો અપીલ/રીવીઝન અરજીનો નિકાલ થઈ ગયા પછી પોલીસને પરત કરવા.

હુકમ આજ તારીખ :૨૪મી, માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૪/૧૨/૨૦૨૫.
સ્થળ – મહેસાણા.

(આર.એલ.જાડેજા)
આઠમાં એડીશ્નલ સેશન્સ જજ
GJ–01074,મહેસાણા

Nms